## Coid – 19 રોકથામ જોગવાઈઓ અંતર્ગત
## હોટલ - રેસ્ટોરન્ટોમાં રાખવાની થતી તકેદારીઓ માટેની SOP

- હોટલ - રેસ્ટોરન્ટનાં દરેક પ્રવેશ દ્વારો પર મુલાકાતીઓ માટે સેનેટાઇઝર ડીસ્પેન્સર અને થર્મલ સ્ક્રીનીંગ ફરજીયાત રાખવાનાં રહેશે.
- દરેક પ્રવેશદ્વારે મુલાકાતીઓનાં ફુટવેર સેનીટેશન કરવાની તેમજ લગેજ, પર્સ જેવા સામાનને સેનેટાઇઝ કરવા સારૂ અલ્ટ્રાવાયોલેટ સેનેટાઇઝ બોક્સની વ્યવસ્થા ગોઠવવી ઇચ્છનીય છે.
- હોટલ - રેસ્ટોરન્ટનાં કર્મચારીઓ, ગ્રાહકો - મુલાકાતીઓનાં આવન-જાવન તેમજ માલ-સામાનની હેરફેર માટે બની શકે તો અલગ પ્રવેશ રાખવા - બેરીકેટ કરવા તથા સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરાવવું.
- હોટલ - રેસ્ટોરન્ટમાં ગ્રાહકો / મુલાકાતીઓને એક સાથે પ્રવેશ ન આપતા ત્રુટક - ત્રુટક સંખ્યામાં જ પ્રવેશ આપવો.
- હોટલ - રેસ્ટોરન્ટમાં પ્રવેશ સમયે લાઇનમાં ઉભા રહેલ નાગરીકો માટે સોશીયલ ડીસ્ટન્સનું ( બે વ્યકિત વચ્ચે ઓછામાં ઓછા ૬ ફુટનું અંતર) ફરજીયાતપણે પાલન કરાવવાનું રહેશે. આ માટે જરૂરી સાઇનેજીસ - સર્કલો કરાવવા તેમજ જરૂરી વધારાના કર્મચારીઓ રાખવા.
- હોટલમાં ગ્રાહકો - મુલાકાતીઓએ તેઓની ટ્રાવેલ હીસ્ટ્રી તેમજ મેડીકલ કન્ડીશનની વિગતો ફરજીયાતપણે નોંધવાની રહેશે, સેલ્ફ ડેકલેરેશન આપવાનું રહેશે અને પોતાનાં આઇ-ડી કાર્ડની નકલ આપવાની રહેશે.
- હોટલમાં ગ્રાહકો - મુલાકાતીઓની વિગતો નોંધવા માટે જરૂરી ફોર્મની વ્યવસ્થા કરવાની રહેશે. ફોર્મ ભર્યા બાદ હાથ સેનેટાઇઝ કરવા માટે હેન્ડ સેનેટાઇઝર રાખવાનું રહેશે. વિગતો ટચલેશ સિસ્ટમ - એપ દ્વારા કરાવવામાં આવે તે વધુ ઇચ્છનીય છે.
- હોટલમાં ચેક ઇન અને ચેક આઉટ માટેની નાણાંકીય આપ-લે બની શકે તો કયુ.આર. કોડ, ઓનલાઇન - ડીજીટલ પેમેન્ટથી જ કરાવવી અન્યથા રોકડ વ્યવહાર એક-બીજાનો સ્પર્શ ન થાય તે રીતે જ કરવો.
- હોટલ - રેસ્ટોરન્ટમાં કર્મચારીઓ / ગ્રાહકો / મુલાકાતીઓને માસ્ક ફરજીયાત પહેરેલ હોય કે અન્ય બીજી રીતે મોઢાં-નાકને ઢાંકેલ હોય તો જ પ્રવેશ આપવો. દરેકે હોટલ -

રેસ્ટોરન્ટમાં પુરેપુરો સમય માસ્ક પહેરેલાં રાખવા. આ અંગેની સઘન ચકાસણી મેનેજમેન્ટ દ્વારા કરવાની રહેશે.

- માસ્ક વગર આવતા ગ્રાહકો / મુલાકાતીઓ માટે માસ્કની સુવિધા ઉપલબ્ધ કરવી - માસ્ક વેન્ડીંગ મશીનો ગોઠવવા.
- હોટલમાં ગ્રાહકો / મુલાકાતીઓનાં સામાનને લગેજરૂમમાં મોકલતા પહેલાં ફરજીયાત સેનેટાઇઝ કરવો.
- લીફ્ટનાં ઉપયોગમાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન થાય તે માટે પ્રોપર માર્કીંગ કરવું.
- એસ્કેલેટર ઉપર નાગરીકો એકાંતરે પગથીયે ઉભા રહે તે મુજબ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવું.
- ગ્રાહકો / મુલાકાતીઓને બેસવા માટેની બેઠક વ્યવસ્થામાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવું.
- પાન-મસાલા અને ગુટખા તેમજ થુંકવા પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવો.
- સતત ઉપયોગમાં આવતા હોય તેવા દરવાજાનાં હેન્ડલો, રેલીંગ્સ, બેન્ચીસ, બાથરૂમો, લીફ્ટનાં બટનોને વારંવાર સેનેટાઇઝ કરવા.
- જમવાનું પિરસવામાં આવતું હોય તે જગ્યાઓ - રેસ્ટોરન્ટોમાં,
  - ➢ કુલ સિટીંગ કેપેસિટીનાં ૫૦% થી વધારેનો ઉપયોગ કરવો નહિ.
  - ➢ ગ્રાહકોને બેસવા માટેની બેઠક વ્યવસ્થા સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે મુજબની ગોઠવવી.
  - ➢ ડીસ્પોઝેબલ મેનું નો ઉપયોગ કરવામાં આવે તે ઇચ્છનીય છે.
  - ➢ કપડાનાં નેપકીનની જગ્યાએ ડીસ્પોઝલ નેપકીનનો ઉપયોગ કરવો.
  - ➢ બુફે સર્વિસ સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે મુજબની રાખવી.
  - ➢ રસોડામાં કામ કરતા કર્મચારીઓએ પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવાનું તેમજ વેઇટરો - કર્મચારીઓએ ગ્રાહકોને ખાવાનું માસ્ક, ગ્લોવ્ઝ, જેવા સુરક્ષાનાં સાધનો પહેરીને જ પીરસવાનું રહેશે.
  - ➢ ગ્રાહકોને બેસવા માટેનાં ટેબલો દરેક વખતે સેનેટાઇઝ કરવાનાં રહેશે.
  - ➢ ફુડ ડીલીવરી માટેની જગ્યા કે ટેબલ નક્કી કરી અલગ રાખવી.
  - ➢ હોમ ડીલીવરી કરતા કર્મચારીઓનો દૈનીક ધોરણે થર્મલ સ્ક્રીનીંગ કરેલો હોવો જોઇએ તેમજ શંકાસ્પદ કર્મચારીઓનો કોરોના રેપીડ ટેસ્ટ કરાવવો જોઇએ.

- ➢ સોશીયલ ડીસ્ટન્સ્નું પાલન થાય તે મુજબની પેટર્નનો વેઇટીંગ રૂમ અલાયદી જગ્યાએ રાખવાનો રહેશે.
- ➢ સમુહ મેળાવડા કે સામાજીક પ્રસંગોનું ગેધરીંગ સંપૂર્ણ પ્રતિબંધીત રાખવું.
- ➢ ડાઇન - ઇન ની જગ્યાએ રૂમ સર્વિસ અને ટેક અવે વ્યવસ્થા ગોઠવવી ઇચ્છનીય છે.

- રૂમ સર્વિસ આપનાર કર્મચારીએ પેકેટ ગ્રાહકનાં હાથમાં આપવાની જગ્યાએ રૂમનાં દરવાજે જ મુકી દેવાનું રહેશે. રૂમ સર્વિસ આપતા કર્મચારીઓનું રોજેરોજ થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.
- રૂમ સર્વિસ માટે ગ્રાહક અને ઇન હાઉસ સ્ટાફનો સંપર્ક ઇન્ટરકોમ, ટેલીફોન કે મોબાઇલ વડે જ થાય તે પ્રકારની વ્યવસ્થા કરવી.
- મુલાકાતીઓએ ઉપયોગમાં લીધેલ માસ્ક, ગ્લોવ્ઝનાં ડીસ્પોઝલ માટે જરૂરી સંખ્યામાં ડસ્ટબીન રાખવા. પુરતા પ્રમાણમાં આ માટેનાં સાઇનેજીસ્ રાખવા.
- બાળકોને રમવા માટેનો પ્લે એરીયા - ગેમીંગ એરીયા સંપૂર્ણપણે બંધ રાખવા.
- ગ્રાહક દ્વારા ચેક આઉટ કર્યા બાદ દરેક રૂમને સેનેટાઇઝ કરવાનો રહેશે.
- વોશરૂમમાં યુરીનલ્સ ત્રણ વચ્ચે એક યુનીટ છોડી તે મુજબ ચાલુ રાખવા.
- ઇન્કવાયરી માટેનાં કર્મચારીની ડેસ્ક સીધો સંપર્ક અટકાવવા માટે પ્લેકસીગ્લાસ કે અન્ય રીતે કવર કરેલી રાખવી.
- **Coid – 19** રોકથામ અંગેનાં માર્ગદર્શન આપતા ઓડીયો - વિઝયુલ, હોર્ડીંગ્સ, સ્ટેન્ડીઓ નાગરીકોને સમજ આપવા જરૂરીયાત મુજબનાં મુકેલા હોવા જોઇએ.
- એ.સી. નું તાપમાન ૨૪ - ૩૦ સેલ્સીયસ વચ્ચે રાખવાનું રહેશે. બની શકે તો શુધ્ધ હવાનું અવર-જર થઇ શકે તે મુજબનાં ક્રોસ વેન્ટીલેશન રાખવા.
- પાર્કીંગ લોટસ્ અને બહારનાં ભાગે પણ મુલાકાતીઓ ભેગા થવા ન જોઇએ તે સુનિશ્ચિત કરવું. વેલેટ પાર્કીંગ કરનારે હેન્ડ ગ્લોવ્ઝ ફરજીયાત પહેરવા અને દરેક ચાવીઓ તેમજ દરેક કારનાં સ્ટીયરીંગ - હેન્ડલો સેનેટાઇઝ કરીને ગ્રાહકોને પરત આપવા.